1. જથ્થો એટલે શું?

- ઉત્પાદનનો એવો ભાગ જે પ્રવર્તમાન કિંમતે ઉત્પાદક વેચવા માટે તૈયાર નથી, તેને જથ્થો કહે છે.

2. પુરવઠાનો ખ્યાલ કઈ બે બાબતોના સંદર્ભમાં રજૂ કરવામાં આવે છે ?

- પુરવઠાનો ખ્યાલ ચોક્કસ કિંમત અને ચોક્કસ સમયના સંદર્ભમાં રજૂ કરવામાં આવે છે.

3. પુરવઠાની વ્યાખ્યા આપો.

- ચોક્કસ સમયે અને ચોક્કસ કિંમતે ઉત્પાદકો કે વેપારીઓ ઉત્પાદન(વસ્તુઓ)નો જેટલો ભાગ બજારમાં વેચવા તૈયાર હોય તેને પુરવઠો કહેવામાં આવે છે.

4. પુરવઠાની અનુસૂચિ એટલે શું?

- કોઈ એક ઉત્પાદક કે વેપારી કોઈ એક સમયે વસ્તુની જુદી જુદી કિંમતે વસ્તુનો કેટલો જથ્થો વેચવાની તૈયારી દર્શાવે છે, તે યાદીને પુરવઠાની અનુસૂચિ કહેવામાં આવે છે.

5. પુરવઠારેખાનો ઢાળ કેવો હોય છે?

- પુરવઠારેખાનો ઢાળ ધન હોય છે.

6. અલભ્ય વસ્તુઓને પુરવઠાનો નિયમ શા માટે લાગુ પડતો નથી?

- અલભ્ય વસ્તુઓની કિંમત વધવા છતાં તેના પુરવઠામાં વધારો કરવો શક્ય નથી. તેથી આવી વસ્તુઓને પુરવઠાનો નિયમ લાગુ પડતો નથી.

7. પુરવઠાનો નિયમ કયા પ્રકારની વસ્તુઓ માટે અપવાદ છે?

- પુરવઠાનો નિયમ પ્રાચીન કાળની હસ્તપ્રતો, મૂર્તિઓ, સિક્કાઓ, કલાકૃતિઓ જેવી અલભ્ય વસ્તુઓ તેમજ લીલાં શાકભાજી, પાકાં ફળ, માંસ, ઈંડાં વગેરે જેવી નાશવંત વસ્તુઓ માટે અપવાદ

8. ઉત્પાદન એટલે શું?

- ચોક્કસ સમયે ઉપલબ્ધ સાધનોની મદદથી ઉત્પાદકો દ્વારા ઉત્પાદિત વસ્તુઓના સમૂહને ઉત્પાદન કહેવાય છે.

9. ઉત્પન્ન થયેલી બધી વસ્તુઓ શા માટે પુરવઠો નથી કહેવાતી?

- ઉત્પન્ન થયેલી બધી વસ્તુઓ પુરવઠો નથી, કારણ કે વસ્તુનો પુરવઠો જથ્થાના સંદર્ભમાં ઉત્પાદન કરતાં ઓછો, સમાન કે વધારે હોઈ શકે છે.

10. વસ્તુની કિંમત વધતાં પુરવઠા અને જથ્થામાં થતો ફેરફાર જણાવો.

- વસ્તુની કિંમત વધતાં પુરવઠો વધે છે અને જથ્થો ઘટે છે.

11.કિંમત વધતાં કુલ જથ્થો શા માટે ઘટે છે?

- કિંમત વધતાં વધુ નફો મેળવવા અનામત મુકેલો જથ્થો વેપારી વેચવા તૈયાર થાય છે. તેથી કુલ જથ્થો ઘટે છે.

12. ઉત્પાદનખર્ચ વધે, તો પુરવઠો શા માટે ઘટે છે ?

- ઉત્પાદનખર્ચ વધે, તો નફો ઘટે છે. તેથી પુરવઠો પણ ઘટે છે.

13. અમેરિકા જેવા દેશોમાં ચીજવસ્તુઓનો વધારો જોવા મળે છે તેનું કારણ લખો.

- અમેરિકા જેવા દેશોમાં ઉત્પાદન માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ થતો હોવાથી ચીજવસ્તુઓનો પુરવઠો વધારે જોવા મળે છે.

14. રાજકીય સ્થિરતા જોખમાય, તેની વસ્તુના પુરવઠા પર શી અસર થાય છે ?

- રાજકીય સ્થિરતા જોખમાય, તો વસ્તુનો પુરવઠો ઘટે છે.

15. વ્યક્તિગત પુરવઠો એટલે શું?

- કોઈ એ ક ઉત્પાદક કે પેઢી દ્વારા બજારમાં કોઈ વસ્તુનું જુદી જુદી કિંમતે ઉત્પાદનનો જે ભાગ વેચવા માટે મૂકવામાં આવે છે, છે તેને વ્યક્તિગત પુરવઠો કહે છે.

16. બજારપુરવઠાની વ્યાખ્યા લખો.

- કોઈ ચોક્કસ કિંમતે બુધા ઉત્પાદકો કે પેઢીનો દ્વારા વસ્તુનો જે જથ્થા બજારમાં વેચવા માટે મુકવામાં આવે છે, તેના કુલ સરવાળાને બજારપુરવઠો કે કુલ પુરવઠો કહેવામાં આવે છે.

17. પુરવઠા વિધેય શું દર્શાવે છે?

- પુરવઠા વિધેય કોઈ વસ્તુનો પુરવઠો તેને અસર કરતાં પરિબળો પર કેવી રીતે આધારિત છે તે દર્શાવે છે.

18. પુરવઠાનો નિયમ જણાવો.

- અન્ય પરિબળો સ્થિર રહેતાં વસ્તુની કિંમત વધતાં તેનો પુરવઠો વધે છે અને વસ્તુની કિંમત ઘટતાં તેનો પુરવઠો ઘટે છે.

19. કિંમત અને પુરવઠા વચ્ચે ધન સંબંધ માટેનાં કારણો જણાવો.

- કિંમત વધતાં (1) ઉત્પાદકો પુરવઠો વધારી વધુ નફો મેળવવાનો પ્રયત્ન કરે છે અને (2) નફો વધુ મેળવવાના આશયથી નવા ઉત્પાદકો બજારમાં પ્રવેશે છે. તેથી પુરવઠો વધે છે.

20. કિંમત પ્રેરિત ફેરફારને લીધે પુરવઠામાં થતું પરિવર્તન શું કહેવાય છે ?

- કિંમત પ્રેરિત ફેરફારોને લીધે પુરવઠામાં થતું પરિવર્તન પુરવઠાનું વિસ્તરણ-સંકોચન કહેવાય છે.

21. અન્ય પરિબળો પ્રેરિત ફેરફારને લીધે પુરવઠામાં થતું પરિવર્તન શું કહેવાય છે ?

- અન્ય પરિબળો પ્રેરિત ફેરફારને લીધે પુરવઠામાં થતું પરિવર્તન પુરવઠાનો વધારો-ઘટાડો કહેવાય છે.

22. પુરવઠારેખા ક્યારે બદલાતી નથી?

- પુરવઠાના વિસ્તરણ-સંકોચનમાં પુરવઠારેખા બદલાતી નથી.

23. પુરવઠાના વધારા-ઘટાડાની સ્થિતિમાં પુરવઠારેખા કેવી હોય છે ?

- પુરવઠાના વધારા-ઘટાડાની સ્થિતિમાં મૂળ પુરવઠારેખા પોતાના સ્થાનેથી જમણી અને ડાબી તરફ સ્થાન બદલે છે.

24. કિંમતનિર્ધારણ એટલે શું?

- માંગ અને પુરવઠાનાં પરિબળો દ્વારા વસ્તુ કે સેવાની કિંમત નક્કી કરવાની પ્રક્રિયાને કિંમતનિર્ધારણ કહે છે.

25. સમતુલાની સ્થિતિનો અર્થ લખો.

- જે કિંમતે બજારમાં વસ્તુની કુલ માંગ અને કુલ પુરવઠો સરખાં થાય, તે સ્થિતિ સમતુલાની સ્થિતિ છે.

26. સમતુલા કિંમત એટલે શું?

- જે કિંમતે વસ્તુ માટેની માંગ અને વસ્તુનો પુરવઠો સરખા થાય છે, તે કિંમતને સમતુલા કિંમત કહે છે,

27. સમતુલામાં માંગ કરતાં પુરવઠો વધી જાય તો શું પરિણામ મળે?

- સમતુલામાં માંગ કરતાં પુરવઠો વધી જાય તો વસ્તુની કિંમત ઘટવાનું વલણ ધારણ કરે છે.

28. આપેલ સમયગાળા દરમિયાન સમતુલા સ્થિતિમાં શા માટે ફેરફાર થતા નથી?

- સમય-સંજોગ બદલાતાં માંગ-પુરવઠાની આંતરક્રિયાને લીધે પુનઃસમતુલા સ્થપાય છે. તેથી આપેલ સમયગાળા દરમિયાન સમતુલા સ્થિતિમાં ફેરફાર થતા નથી.